દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ. ૦૨ / તા. ૦૫.૦૬.૨૦૨૫



## આજથી 4 મિલિયન ટ્રી મિશન

પર્યાવરણ દિવસ નિમિત્તે મ્યુનિ. ફોર મિલિયન ટ્રી મિશનની શરૂઆત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જગતપુર બ્રિજ પાસે મ્યુનિ.ના પ્લોટમાં સિંદૂરના છોડ રોપી ફોર મિલિયન ટ્રી અભિયાનનો આરંભ કરાવશે. ઓપરેશન સિંદૂરને પગલે મ્યુનિ. દ્વારા સિંદૂર વન બનાવવાનું આયોજન કરાયું છે. આ સિંદૂર વનમાં કુલ 12 હજાર વૃક્ષો ઉગાડાશે, જેમાંથી 551 વૃક્ષ સિંદૂરનાં હશે. ગયા વર્ષે 30 લાખ છોડ ઉગાડાયાં હતાં, જેમાં મ્યુનિ.એ દાવો કર્યો હતો કે, 85 ટકા છોડ જીવી રહ્યા છે. જ્યારે આ વખતે આ રેશિયો 90 ટકા લઈ જવાનો છે. આ વખતે વિવિધ પ્રજાતિના કુલ 35થી વધુ છોડ રોપવામાં આવશે.

### આજે પ્લાસ્ટિક પોલ્યુશન થીમ, મ્યુનિ. આગામી દિવસોમાં કાપડની 32 લાખ થેલીઓ વહેંચશે

# ઈ-બસ, મેટ્રોથી પ્રદૂષણ ઘટ્યું, મિયાવાકી પદ્ધતિથી ગીચ જંગલ વધ્યાં, સિંગલ યુઝ પ્લાસ્ટિક માટે રોજ ડ્રાઈવ, પણ જાગૃતિ ઓછી

**અલ્પેશ ભટ્ટ |** શહેરના નાગરિકો આગામી વર્ષો શુદ્ધ હવામાં શ્વાસ લઈ શકે, તેમના ભાગે પૂરતું ભૂગર્ભ જળ રહે તેવા ઉદ્દેશ સાથે મ્યુનિ. શહેરના પર્યાવરણની જાળવણી પાછળ કરોડોનો ખર્ચ કરી રહી છે. એક તરફ હવાનું પ્રદૂષણ ઘટાડવામાં અમદાવાદ છેલ્લા ચાર વર્ષમાં મહત્વની કામગીરી કરી શક્યું છે. શહેરમાં વૃક્ષારોપણ દ્વારા ગ્રીન કવર વધારવાના મામલે ખુદ વડાપ્રધાને અમદાવાદના વખાણ કર્યા છે. તો બેંગલુરુ જેવી સ્થિતિ અટકાવવા શહેરના ભૂગર્ભજળને ઉપર લાવવા માટે મ્યુનિ. દ્વારા વર્ષે 100 કરોડથી વધારેની રકમ ખર્ચ કરવામાં આવી રહી છે

## દોઢ વર્ષમાં રોજ 26.3 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરાયો

### હવા પ્રદૂષણ | ઈ બસો, મેટ્રો ટ્રેનોથી ફાયદો, રિક્ષા-સાઇટો સામે કડકાઈ લવાશે

શું કર્યું... 2019માં શહેરનું સરેરાશ હવા પ્રદૂષણ 161 પીએમ10 હતું, જે 2024માં ઘટીને 103 પીએમ10 થયું.

- વોલ ટુ વોલ રોડ બનાવાયા, તમામ ડીઝલ સિટી બસો બંધ કરી સીએનજી અને ઈલેક્ટ્રિક બસો વસાવી. મેટ્રો પણ ઈલેક્ટ્રિક હોવાથી ફાયદો મળ્યો
- ધૂળને કારણે થતાં પ્રદૂષણને નિયંત્રણમાં લેવા માટે રાત્રે મિસ્ટ મશીનથી પાણીનો છંટકાવ. 6 વર્ષમાં એર પોલ્યુશન ઘટાડવા 543.82 કરોડનો ખર્ચ

શું કરાશે?

- અનેક રિક્ષા સહિત પ્રદૂષણ ફેલાવતા વાહનો રોકવા. બેફામ પ્રદૂષણ ફેલાવતી નવી બાંધકામ સાઈટ સામે વધુ કડકાઈ લવાશે.

### પ્લાસ્ટિક પ્રદૂષણ | પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે રોજ ડ્રાઇવ શરૂ કરાઈ

શું કર્યું... સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ માટે રોજ ડ્રાઈવ. છેલ્લા દોઢ વર્ષમાં રોજ 26.3 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરાયો.

- શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતા અનેક એકમો બંધ કરી દેવાયાં છે. અત્યાર સુધીમાં 14414 એકમ સામે કાર્યવાહી કરાઈ છે.
- શહેરમાં કેટલાંક સ્થળે બોટલ ક્રશર મુકાયાં છે.

શું કરાશે?

- ઘરે ઘરેથી વધુ નકામી પ્લાસ્ટિકની વસ્તુઓ એકત્રિત કરી મજબૂત અને ટકાઉ પ્લાસ્ટિકના બાંકડા તથા અન્ય પ્રોડક્ટ તૈયાર કરાશે.
- કાપડની 32 લાખ થેલીનું વિતરણ કરશે. પ્રતિબંધિત પ્લાસ્ટિક સામેની ઝુંબેશ કડક બનાવાશે.

### વૃક્ષારોપણ | મિયાવાકી પદ્ધતિથી વૃક્ષ ઉગાડી 129 જંગલ ઊભાં કર્યાં

શું કર્યું... 3 વર્ષમાં 66.21 કરોડનો ખર્ચ કરી 70.94 વૃક્ષ ઉગાડાયા છે. હવે 40 લાખ વૃક્ષ માટે મ્યુનિ. 69 કરોડનો ખર્ચ કરશે.

- શહેરના અનેક વિસ્તારમાં મિયાવાકી પદ્ધતિથી વૃક્ષારોપણ કરીને 129 ગીચ જંગલો ઊભાં કરાયાં
- શહેરના 276 બગીચાઓમાં ઘટાદાર વૃક્ષ ઉગાડાયાં, જેથી ગ્રીન કવર વધે.
- કેટલાક રોડને વિશેષ થીમ આધારિત તૈયાર કરાયા.

શું કરાશે?

- વૃક્ષો ઉગાડ્યા બાદ તેની યોગ્ય જાળવણી ન થતાં તેનો ફાયદો મળતો નથી, જેથી વૃક્ષ ઉગાડ્યા પછી તેની યોગ્ય જાળવણી કરાશે. ચોક્કસ વિસ્તારને બદલે તમામ ઝોનમાં વૃક્ષારોપણ કરાશે.

### ગ્રીન એનર્જી | 3 વિન્ડ પાવર ઊભા કર્યા, વીજ બિલમાં 200 કરોડની બચત

શું કર્યું... મ્યુનિ.ની તમામ કચેરીઓ પર સોલર પેનલ લગાવી તમામ કચેરીઓને ગ્રીન એનર્જીથી સંચાલિત કરવાનો પ્રયત્ન કરાયો.

- 3 જેટલા વિન્ડ પાવર ઊભા કરી ત્યાં ઊર્જા ઊભી કરી તેનો સીધો લાભ મળે તેવી વ્યવસ્થા કરાઈ.
- વિવિધ રીતે ગ્રીન એનર્જીના ઉત્પાદન થકી રૂ. 200 કરોડની મ્યુનિ.ને બચત થઈ.

શું કરાશે?

- સૌથી વધુ વીજળી વોટર પમ્પિંગ સ્ટેશનો વપરાય છે, હવે મહત્તમ સોલર એનર્જી ઊભી કરી શકાય તે દિશામાં કામ કરાશે.
- તમામ સ્ટ્રીટ લાઈટ પણ સોલર એનર્જી આધારિત કરાશે. હજુ તેમાં યોગ્ય કામગારી કરવાની બાકી છે.